Re-Accredited by NAAC with 'A' Grade
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# :: પરિપત્ર ::

**સંદર્ભઃ અત્રેનો તા. ૨૭/૦૬/૨૦૧૯નો ક્રમાંકઃ એસ(૧)/પરિપત્ર/૧૦૬૪૩/૨૦૧૯નો પરિપત્ર.**

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સિન્ડિકેટની તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંક : ૮૯થી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે કોલેજો દ્વારા વિવિધ ફોર્મેટ/ સ્વરૂપે જાહેરાતો આપવામાં આવે છે, જે વિવિધ ફોર્મેટ/સ્વરૂપેના સ્થાને એક જ ફોર્મેટ તૈયાર કરી જાહેરાતોના ફોર્મેટ/સ્વરૂપમાં એકરૂપતા લાવવા સંદર્ભે ફોર્મેટ વિવિધ ફેકલ્ટીના ડીન પાસે તૈયાર કરાવવાનું ઠરાવવામાં આવેલ હતું તે સંદર્ભે આર્ટસ, કોમર્સ, સાયન્સ, લો, એજયુકેશન, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, હોમીયોપેથી, રૂરલ સ્ટડીઝ ફેકલ્ટીના ડીનશ્રીઓએ તૈયાર કરેલ જાહેરાતોના ફોર્મેટનો સિન્ડિકેટ સભાની તા. ૧૯/૦૬/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક ૭૨થી સ્વીકાર કરવામાં આવેલ છે અને હવે આ ફોર્મેટ પ્રમાણે જાહેરાત આપવા માટે દરેક કોલેજને જણાવવાનું ઠરાવવામાં આવેલ છે. આથી સિન્ડિકેટના સદર ઠરાવ અનુસાર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે સદરહું ફોર્મેટ પ્રમાણે જાહેરાત આપવા જણાવવામાં આવે છે. સદર જાહેરોતોનું ફોર્મેટ યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in. પર Affiliated Colleges/ College Recruitment/Promotion મેનુમાં ઉપલબ્ધ છે

વધુમાં યુનિવર્સિટી કાર્યાલયના તા. ૦૨/૦૫/૨૦૦૭ ના પત્રાંકઃ એસ(૧)/૪૨૩૬/૨૦૦૭ મુજબ ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૪/૦૩/૮૯ના પરિપત્રાંકઃ પરચ–૧૧૮૯–૭૨૨–ખ અન્વયે ભરતી કરવા માટે બે અગ્રગણ્ય દૈનિકો કે જે બહોળી પ્રસિધ્ધ ધરાવતા હોય તેમાં જાહેરાત આપવાની રહેશે. જે પૈકી એક જાહેરાત રાજય કક્ષાની આવૃત્તિ (All Gujarat Edition) માં આપવાની રહેશે તેમજ યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૪/૦૯/૨૦૧૮ના પત્રાંકઃ એસ/૧૭૭૧૦/૨૦૧૮ અનુસાર જાહેરાત વર્તમાન પત્રમાં આપવામાં આવે ત્યારે તેની એક નકલ યુનિવર્સિટી કાર્યાલયને યુનિવર્સિટી વેબસાઈટ પર મૂકવા affiliation@vnsgu.ac.in પર અચૂક ઈમેલ કરવાનો રહેશે. હાલમાં કેટલીક સંસ્થાઓ જાહેરાતની એક નકલ યુનિવર્સિટી ખાતે જોડાણ વિભાગને મોકલતા નથી તેથી બહોળી પ્રસિધ્ધ થઈ શકતી નથી. તેથી પુનઃ જણાવવામાં આવે છે કે જાહેરાતની એક નકલ યુનિવર્સિટી ખાતે અચુકથી ઈમેઈલથી મોકલવાની રહેશે.

ક્રમાંક : જોડાણ(વી.સી.નોમીની)/પરિપત્ર/૧૧૦/૨૦૨૨
તા. ૦૧/૦૧/૨૦૨૨

**ઈ.ચા.કુલસચિવ**

પ્રતિ,

(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને.......જાણ તથા અમલ થવા સારું.

(૨) સીસ્ટમ મેનેજરશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત......જાણ તથા ઘટતું થવા સારું.

D:\APPOINTMENT OF TEACHER\LAY V.C. NOMINI\ADVERTISEMENT IN COLLEGE\PARIPTRA-2021.docx